પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ,
જિલ્લો તમામ.
શાસના અધિકારીશ્રી અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ.

વિષયઃ–સી.આર.સી.કો.ઓર્ડિનેટરની કામગીરીની સમીક્ષા (રિવ્યુ) અંગે.
સંદર્ભઃ (૧)અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસએસએમ/ટીટી/૧૩૨૦૫–૨૩૩/૦૮ તાઃ૨૧/૪/૨૦૦૮
(૨)માન. એસપીડીશ્રી તા. ...../૪/૨૦૧૨ ની સુચના અનુસાર.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપશ્રી સુવિદિત છો કે સર્વ શિક્ષા અભિયાન મિશનના મહત્વના ધ્યેયો પૈકી,પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સભર બને તે તે સૌથી મહત્વનું ધ્યેય છે.આ ધ્યેયની સિધ્ધિ માટે પ્રાથમિક શિક્ષણ સેવાકાલીન તાલીમ,વર્ગખંડ વ્યહવારનું સુપરવિઝન, બાળકોનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન,નિદાન અને ઉપરચારાત્મક કાર્ય,સમાજના નબળા વર્ગોનું ખાસ શિક્ષણ ,શાળા/બાળકના સર્વાગી વિકાસમાં સામાજિક ગતિશીલતા–કોમ્યુનીટી મોબીલાઝેશન અગત્યના પાસા છે.આ તમામ બાબતોને ન્યાય આપી શિક્ષકો/સમાજ ને માર્ગદર્શન આપી શકે ,શૈક્ષણિક નેતૃત્વ કરી શકે તેવા સી.આર.સી.કો.ઓર્ડિનેટરની આજના તબકકે ખાસ જરૂરિયાત છે.

સંદર્ભ ૧ અન્વયે સી.આર.સી.કો.ઓર્ડિનેટરની કામગીરીની સમીક્ષા અંગે સુચના આપવામાં આવેલ ,જે રદ ગણી સંદર્ભ ૨ ની મળેલ સુચના અન્વયે સી.આર.સી.કો.ઓર્ડિનેટરની કામગીરીની સમીક્ષા અંગના માપદંડો નવેસરથી નકકી કરવામાં આવેલ છે. હવેથી આ પ્રકારે કામગીરીની રીવ્યુ/સમીક્ષા કરવાના રહેશે.

દર વર્ષ જિલ્લા કક્ષાએ ઉપરોકત સૂચના પ્રમાણે'સીઆરસી–કો.ઓર્ડીનેટરના સમીક્ષા/રીવ્યુ ૩૦ મે સુધીમાં કરવાના રહેશે અને તેનો વિગતે અહેવાલ સમીક્ષા પૂર્ણ થયે દિન–૧૦માં 'સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટશ્રીને કરવાનો રહેશે.

રીવ્યુની તમામ પ્રક્રિયા પારદર્શિકતાથી,તમજ તટસ્થ રીતે આપની કક્ષાએથી કરવાની રહેશે.
સી.આર.સી.કો.ઓર્ડિનેટરની કામગીરીની સમીક્ષા સમિતિ નીચે મુજબ રહેશે
(૧)DPEO/DPCશ્રી–અધ્યક્ષ
(૨)પ્રાચાર્ય,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–સભ્ય
(૩) ટીચર ટ્રેનીંગ કો.ઓર્ડિનેટર –સભ્ય સચિવ
(૪)બી.આર.સી.કો.ઓર્ડિનેટર(સંબંધિત તાલુકો)–સભ્ય
(૫)કેળવણી નિરીક્ષક (સંબંધિત તાલુકો)–સભ્ય
(૬) જેન્ડર કો.ઓર્ડિનેટર –સભ્ય
(૭) એસ.ટી.પી કો. ઓ.ઓર્ડિનેટર–સભ્ય
(૮) IED કો.ઓર્ડિનેટર–સભ્ય

આમ કુલ ૮ સભ્યોની સમિતિની રચના કરવાની રહેશે.રિવ્યુ સમયે ઓછામાં ઓછા ૫ સભ્યોની હાજરી હોવી જરૂરી રહેશે.સમીક્ષા કુલ ત્રણ ભાગમાં રહેશે.
૧. લેખિત પરીક્ષા
૨. કમ્પ્યૂટર પરીક્ષા
૩. રૂબરૂ મુલાકાત

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

**(૧) લેખિત પરીક્ષા**

લેખિત પરીક્ષા બહુવિકલ્પ કસોટી પ્રકારની રહેશે,કસોટીના પ્રશ્નપત્ર જિલ્લા કક્ષાએથી ડીપીસીના સીધા માર્ગદર્શનમાં તૈયાર કરવાના રહેશે. ડીપીસીએ પ્રશ્નપત્ર નિર્માણનુ કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંકલનમાં રહી ને કરવાનું રહેશે.લેખિત પરીક્ષાના કુલ ગુણ ૧૦૦ રહેશે,જેમાં સીઆરસી કો.ઓર્ડીનેટરને ૬૦ % ગુણ ફરજિયાત મેળવવાના રહેશે.લેખિત કસોટીમાં નીચે પ્રમાણેના વિભાગોમાંથી પ્રશ્નો આપવાના રહેશે.

| | |
|---|---|
| વિષય વસ્તુ ધોરણ–૧ થી ૮ | –૪૦ ગુણ |
| પેડાગોજી અને એસ.એસ.એ. પ્રોજેકટની જાણકારી | –૪૦ ગુણ |
| સામાન્ય જ્ઞાન– જનરલ એબિલીટી | –૨૦ ગુણ |

**(૨) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા :**

કોમ્પ્યુટર કૌશલ્યની પ્રાયોગીક પરીક્ષા ૨૦ ગુણની રહેશે, જેમાં
માઈક્રોસોફ્ટ વર્ડ –૭ ગુણ,
માઈક્રોસોફટ એક્ષલ–૭ ગુણ
માઈક્રોસોફટ પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશનના –૬ ગુણ રહેશે.

આ પરીક્ષામાં ૫૦ % ગુણ ફરજિયાત મેળવવાના રહેશે.ડીપીસીએ કમ્પ્યૂટર પ્રશ્નપત્ર/પ્રયોગિક કાર્યના નિર્માણનુ કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંકલનમાં રહી ને કરવાનું રહેશે.

**(૩) રૂબરૂ મુલાકાત**

| | |
|---|---|
| **(૧) કોમ્પ્યુટર ઉપયોગીતા :** | ૧૦ ગુણ |
| ૧. સીઆરસી ભવન ઉપર કોમ્પ્યુટર ચાલુ છે કે બંધ (હા /ના) | ૧ ગુણ |
| ૨. સીઆરસી ભવન ઉપર ઈન્ટરનેટ ચાલુ છે કે બંધ (હા/ના) | ૧ ગુણ |
| ૩. સીઆરસી કોઓ દ્વારા શૈક્ષણિક વેબસાઈટ/બ્લોગ બનાવવામાં આવેલ છે કે કેમ ? (હા/ના) | ૨ ગુણ |
| ૪. સીઆરસીની તાબાની ૧ કરતા વધુ શાળા ઓમાં વેબસાઈટ /બ્લોગ બનાવવામાં આવેલ છે કેમ ?(હા/ના) | ૧ ગુણ |
| ૫. તાબાની તમામ શાળાઓમાં દૂરવર્તી/બાયસેગ બતાવવામાં આવે છે કે કેમ ? (હા/ના) | ૧ ગુણ |
| ૬. સીઆરસી મુખપત્ર બહાર પાડવામાં આવે છે કે કેમ ? (હા/ના) | ૧ ગુણ |
| ૭. ડાયસફોર્મ... | |
| • તમામ શાળાઓના ભરાયેલ છે કેમ ? (હા/ના) | ૧ ગુણ |
| • સમયસર જમા કરાવેલ છે કે કેમ ? (હા/ના) | ૧ ગુણ |
| • ક્રોસ વેરિફિકેશન કરેલ છે કેમ ? (હા/ના) | ૧ |
| **(૨) ગુણોત્સવ મૂલ્યાંકન :** | ૧૫ ગુણ |

સીઆરસીના ગુણોત્સવના ગ્રેડ ઉપર કુલ ૧૦ ગુણ રહેશે,

**ગુણોત્સવ ગ્રેડ આધારિત મૂલ્યાંકનઃ**

| **ગ્રેડ** | **ગુણ** |
|---|---|
| A | 10 |
| B | 8 |
| C | 6 |
| D | 4 |
| E | 0 |
| F | 0 |

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

**ઉપચારાત્મક મૂલ્યાંકન:** ૫ ગુણ

ઉપચારાત્મક કામગીરીના નીચે મુજબ રહેશે.

| સીઆરસીમાં કુલ બાળકો... | પૈકી ઉપચારાત્મક શિક્ષણ હેઠળના કુલ બાળકો | ટકાવારી | ઉપચારાત્મક શિક્ષણ હેઠળના કુલ બાળકો પૈકી મેઈનસ્ટ્રીમ થયેલ બાળકો | ટકાવારી | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| | | | | | |

૮૦ % થી વધુ ૫ ગુણ,૭૦ % થી વધુ ૪ ગુણ, ૬૦ % થી વધુ ૩ ગુણ,૫૦ % થી વધુ ૨ ગુણ,૫૦ % થી નીચે ૦ ગુણ

**<u>(૫) પ્રોજેકટ અંતર્ગતની કામગીરી</u> :**

સીઆરસી કોઓ. દ્વારા પ્રોજેકટ અંતર્ગત ઓઆઈસીટીટી., ઓઆઈસીજેન્ડર, ઓઆઈસી એએલએસ, ઓઆઈસી આઈડી તથા ઓઆઈસી એકાઉન્ટ દ્વારા સોપાયેલ કામગીરી ના નકકી કરેલા લક્ષ્યાંકો સામે પ્રાપ્ત કરેલ સિદ્ધિની વિગતોને ધ્યાને લઈ નીચે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

(અ) શિક્ષક તાલીમ (ટી.ટી) ૫ ગુણ

| અ નુ. | તાલીમની વિગત | લક્ષ્યાંક | | ખર્ચ | | સિદ્ધિની ટકાવારી | | ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તાલીમાર્થીની સંખ્યા | બજેટ | હાજર તાલીમાર્થી | થયેલ ખર્ચ | તાલીમાર્થી | બજેટ | મળેલ ગ્રાન્ટની તારીખ | હિસાબ સરભર કર્યા તારીખ | સિધ્ધિ |
| | | | | | | | | | | |

૯૦ % થી વધુ ૫ ગુણ,૮૦ % થી વધુ ૪ ગુણ,૭૦ % થી વધુ ૩ ગુણ, ૬૦ % થી વધુ ૨ ગુણ,૫૦ % થી નીચે ૧ ગુણ

(બ) આઈ.ઈ.ડી. : ૫ ગુણ

| કુલ સર્વેમાં નોંધાયેલ બાળકો | સર્વેમાં નોંધાયેલ બાળકો પૈકી | | નોંધાયેલા બાળકો પૈકી | | નોંધાયેલા બાળકો પૈકી | |
|---|---|---|---|---|---|---|
| | શાળામાં ભણતા બાળકો | શાળા બહારના બાળકો | સાધન/સહાયનો લાભ અપાવેલ બાળકોની સંખ્યા | ટકાવારી. | સરકારી લાભ (સર્ટી /શિષ્યવૃતિ) અપાવેલ બાળકોની સંખ્યા | ટકાવારી. |

૯૦ % થી વધુ ૫ ગુણ
૮૦ % થી વધુ ૪ ગુણ
૭૦ % થી વધુ ૩ ગુણ
૬૦ % થી વધુ ૨ ગુણ
૫૦ % થી નીચે ૧ ગુણ

(ક) જેન્ડર એજયુકેશન: ૫ ગુણ

| અનુ. | કાર્યક્રમનું નામ | લક્ષ્યાંક | | સિદ્ધિ | | ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | બજેટ | સંખ્યા | ખર્ચ | સંખ્યા | ખર્ચ |
| | | | | | | | |

૯૦ % થી વધુ ૫ ગુણ

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

૮૦ % થી વધુ ૪ ગુણ
૭૦ % થી વધુ ૩ ગુણ
૬૦ % થી વધુ ૨ ગુણ
૫૦ % થી નીચે ૧ ગુણ

(ડ) એસ.ટી.પી. : ૫ ગુણ

૧. શાળા બહારના બાળકો સર્વેમાં નોધાયેલ છે. હા/ના
૨. બાળકોની કુલ સખ્યા :.....................
૩. કુલ કેટલા વર્ગો શરૂ કરવામાં આવ્યા ?

| ઉંમર | વર્ગ | બાળકો |
| --- | --- | --- |
| ૬ થી ૮ | | |
| ૯ થી ૧૬ | | |

સર્વેના કુલ બાળકો પૈકી ૯૦ % કરતા વધુ બાળકોનો વર્ગોમાં સમાવેશ કરેલ હોય તો... ૩ ગુણ
સર્વેના કુલ બાળકો પૈકી ૭૦ % કરતા વધુ બાળકોનો વર્ગોમાં સમાવેશ કરેલ હોય તો... ૨ ગુણ
સર્વેના કુલ બાળકો પૈકી ૫૦ % કરતા વધુ બાળકોનો વર્ગોમાં સમાવેશ કરેલ હોય તો... ૧ ગુણ

ઉપરોકત ૩ ગુણ ઉપરાંત એસટી.પી અંતર્ગત કરેલ કાર્યક્રમોની સિદ્ધિ ધ્યાને લઈ ૨ ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

એસ.ટી.પી. અંતર્ગત શાળા બહારના બાળકો જો ન હોય તો તે સીઆરસી કોઓર્ડિનેટર પ્રશ્નોતરી દ્વારા એસ.ટી.પી.ના જ્ઞાનની ચકાસણી કરી ૫ ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

(ઈ) એકાઉન્ટ (હિસાબ) : ૧૦ ગુણ

નીચે મુજબની પ્રવૃતિ અને કાર્યકમોની ગ્રાન્ટ વપરાશમાં વપરાયેલ ગ્રાન્ટ અને સમયગાળાના આધારે ૮ ગુણનું મૂલ્યાંકન નીચે મુજબ કરવાનું રહેશે. (વાર્ષિક કે છ માસિક ગ્રાન્ટ સિવાય )

| અનુ. | પ્રવૃતિ/કાર્યક્રમનું નામ | મળેલ ગ્રાન્ટ (લક્ષ્યાંક) | | કરેલ ખર્ચ | | સરભર | | સમયગાળો | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | ગ્રાન્ટની રકમ | તારીખ | વપરાયેલ ગ્રાન્ટની રકમ | તારીખ | ગ્રાન્ટ (વધ–ઘટ) | તારીખ | વપરાયેલ ગ્રાન્ટની ટકાવારી | ગ્રાન્ટ સરભરનો સમયગાળો (દિવસમા) |
| | | | | | | | | | |

ગ્રાન્ટની ટકાવારી

૯૦ % થી વધુ ૪ ગુણ
૮૦ % થી વધુ ૩ ગુણ
૭૦ % થી વધુ ૨ ગુણ
૬૦ % થી વધુ ૧ ગુણ
૫૦ % થી નીચે ૦ ગુણ

ગ્રાન્ટ વપરાશ સમયગાળો

૧૦ દિવસમાં સરભર ૪ ગુણ
૧૫ દિવસમાં સરભર ૩ ગુણ
૨૦ દિવસમાં સરભર ૨ ગુણ
૩૦ દિવસમાં સરભર ૧ ગુણ
૩૦ દિવસથી સરભર ૦ ગુણ

વર્ષ દરમિયાન વાપરવાની થતી વાર્ષિક ગ્રાન્ટનો ૨ ગુણનું નીચે મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

| અનું | કાર્યક્રમ | લક્ષ્યાંક | ખર્ચ | સરભર | સિદ્ધિ |
| --- | --- | --- | --- | --- | --- |
| | | | | | |

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

| |
|---|
| ૮૦ % થી વધુ ૨ ગુણ<br>૬૦ % થી વધુ ૧ ગુણ<br>૫૦ % થી નીચે ૦ ગુણ |

(૬) સીઆરસી કોઓ. ની લાયકાત અને વિશિષ્ટ લાયકાત–કામગીરી : ૧૭ ગુણ

શૈક્ષણિક લાયકાત/અનુભવ ૮ ગુણ

| પીટીસી/બી.એડ<br>ટકા X ૨ | સ્નાતક<br>ટકા X ૨ | અનુસ્નાતક<br>ટકા X ૨ | કુલ ગુણ<br>૫ માંથી | સીઆરસી અનુભવ<br>૫ વર્ષ–૩ ગુણ<br>૩ વર્ષ–૨ ગુણ<br>૧ વર્ષ– ૧ ગુણ |
|---|---|---|---|---|
| | | | | |

વિશિષ્ટ કામગીરી : ૭ ગુણ
**(તારીખ અંતિત)**

| ક્રિયાત્મક સંશોધન (૫ વર્ષ દરમિયાન) ૧ ગુણ | રાજય બહારની/રાજય કક્ષાની તાલીમ (૧ ગુણ) | એસઆરજી (૧ ગુણ) | જિલ્લા કક્ષાના આરપી. (૧ ગુણ) | પાઠયપુસ્તક લેખન/પરામર્શ (૫ વર્ષ દરમિયાન) ૧ ગુણ | મોડયુલ લેખન (૧ ગુણ) | બાયસેગ/જી.આઈ.ઈ.ટી.માં શૈક્ષણિક કાર્યક્રમ આપેલ હોય તો. (૧ ગુણ) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

ફેરણી કામગીરી ૨ ગુણ
**(શૈક્ષણિક વર્ષ)**

| વર્ષના કામકાજના દિવસો | ફેરણીના દિવસો | કચેરીના કામના દિવસો | અન્ય દિવસો | ફેરણીની ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |

ફેરણીની ટકાવારી ૬૦ ટકા કરતા વધુ હોય તો ૨ ગુણ.
ફેરણીની ટકાવારી ૫૦ ટકા કરતા વધુ હોય તો ૧ ગુણ.

(૭) વર્ગખંડ અવલોકન અને શાળા મુલાકાત પત્રક : ૫ ગુણ

| અનુ. | માસનું નામ | શાળાઓનું અવલોકન | | વર્ગ ખંડ અવલોકન | | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | કરેલ અવલોકનની સંખ્યા | લક્ષ્યાંક | કરેલ અવલોકનની સંખ્યા | |

વર્ષ દરમિયાનની સરેરાશ મુજબ ૫ ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

(૮) WER ના આધારે તથા મૌખિક મૂલ્યાંકન દ્વારા ડી.પી.સી એ ૩ ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

આમ ઉપરોકત વિગતોને ઘ્યાને લઈ કુલ ૨૦૦ ગુણનું મૂલ્યાંકન પૂર્ણ કરવાનું રહેશે.

લેખીત પરીક્ષામાં , કોમ્પ્યુટર પ્રાયોગીક પરીક્ષામાં,તેમજ શાખાવાર કામગીરીમાં ૬૦ ટકા કરતા ઓછા ગુણ મેળવનાર સીઆરસીકો.ઓની પ્રતિનિયુકિત રદ કરવાની રહેશે.

આ ઉપરાત જે સી.આર.સી.કો.ઓ સામે ગંભીર લેખીત ફરીયાદ હોય અને તપાસમાં દોષિત જણાય તેવા સંજોગોમાં રીવ્યુ પરિણામો ધ્યાને લીધા સિવાય તેમની પ્રતિનિયુકિત રદ કરવાની રહેશે.જે સી.આર.સી.કો.ઓની પ્રતિનિયુકિત અગાઉ તપાસના કારણોસર રદ થયેલ હોય અને ફરીથી હાલમાં ફરજ પર ચાલુ હોય તો તપાસના તારણોની સમીક્ષા કરી પ્રતિનિયુકિત ચાલુ રાખવા અંગે જેતે નિર્ણય કરવાનો રહેશે.સી.આર.સી.રીન્યુની કામગીરી તાઃ૩૦/૫/૨૦૧૨ સુધી પૂર્ણ કરવાની રહેશે.

કરેલ કામગીરી અંગેનો અહેવાલ સ્ટેટ કચેરીએ રીવ્યુ પૂર્ણ થયાના દિન–૧૦માં કરવાનો રહેશે.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સર્વ શિક્ષા અભિયાન મિશન
ગાંધીનગર

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com

## સીઆસી કો.ઓર્ડીનેટરના કુલ ગુણાંકન પત્રક

| ક્રમ | શાખા /પ્રવૃતિઓનું મૂલ્યાંકન | કુલ ગુણ | જરૂરી ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ટકાવારી | જરૂરી ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧. | લેખિત પરીક્ષા | ૧૦૦ | ૬૦ | | | ૬૦ |
| ૨. | કમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા | ૨૦ | ૬૦ | | | |
| ૩. | કમ્પ્યુટર ઉપયોગીતા | ૧૦ | | | | |
| ૪. | ગુણોત્સવ મૂલ્યાંકન | ૧૦ | ૬૦ | | | |
| ૫. | ઉપચારાત્મક મૂલ્યાંકન | ૦૫ | ૬૦ | | | |
| | પ્રોજેક્ટ અંતર્ગતની કામગીરી : | | | | | |
| અ | શિક્ષક તાલીમ (ટી.ટી) | ૦૫ | | | | |
| બ | આઈ.ઈ.ડી. | ૦૫ | | | | |
| ક | જેન્ડર એજયુકેશન | ૦૫ | | | | |
| ડ | એસ.ટી.પી. | ૦૫ | | | | |
| ઈ | એકાઉન્ટ (હિસાબ) | ૦૫ | | | | |
| | સીઆરસી કોઓ. ની લાયકાત અને વિશિષ્ટ લાયકાત –કામગીરી | ૦૮ | | | | |
| | વિશિષ્ટ કામગીરી | ૦૭ | | | | |
| | ફેરણી કામગીરી | ૦૨ | | | | |
| ૭. | વર્ગખંડ અવલોકન અને શાળા મુલાકાત પત્રક : | ૦૫ | | | | |
| ૮. | WER ના આધારે,મૌખિક મૂલ્યાંકન દ્વારા ડી. પી.સી એ ૩ ગુણનું મૂલ્યાંકન | ૦૩ | | | | |
| | કુલ ગુણ | | | | | |

This PDF was created using the PDF Converter Elite software.
To remove this watermark, please license this product at www.pdfconverter.com